ચૂંટણી– તાત્કાલિક
ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૫૦–૧૨૨૦૦૯–ક / ૩૩૮–૫૧
૧૬૪

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય,
બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૧૫–૧૨–૨૦૦૯

પ્રતિ,

- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે
- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે
- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, સર્વે
- મુખ્ય અધિકારીશ્રી, સર્વે નગરપાલિકા.

વિષય :– સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના સભ્યોને ગેરલાયક ઠરાવી સભ્યપદેથી દૂર કરવા અંગેના આદેશોની પંચને જાણ કરવા બાબતે

શ્રીમાન,

ઉપરોકત બાબતે રાજય ચૂંટણી પંચના પરિપત્ર ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૫૦–૪૨૦૦૯–ક, તા.૧૬–૪–૨૦૦૯ તરફ આપનું ધ્યાન પુનઃ દોરવામાં આવે છે. તેમજ તે પરિપત્રમાં આપવામાં આવેલ વિગતવાર સૂચનાઓ મુજબ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સભ્યોને જે ઓથોરીટી દ્વારા જે તે સભ્યોને ગેરલાયક ઠેરવવા માટે આદેશો કરવામાં આવે ત્યારે સંબંધિત સત્તા – ઓથોરીટીએ મુખ્ય અધિકારીશ્રી, કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા અન્ય સક્ષમ અધિકારીશ્રીઓ ઉપરાંત **રાજય ચૂંટણી પંચ**ને જાણ કરવાની રહેશે, તેમજ જુદા જુદા ધારા હેઠળ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓમાંના સભ્યોને ગેરલાયક ઠરાવવા બાબતે શહેરી વિકાસ વિભાગ અને પંચાયત વિભાગ તરફથી નિર્દિષ્ટ અધિકારીશ્રીઓ તેમજ અધિકૃત અધિકારીઓને સત્તા સોંપવામાં આવે છે તેવા નિર્દિષ્ટ અધિકારીશ્રીઓ, અધિકૃત અધિકારીશ્રીઓ તથા એપેલેટ ઓથોરીટીને પણ જે તે વિભાગ – કક્ષાએથી જાણ કરી આ અંગે અમલ થાય તે સુનિશ્ચિત કરવાનું જણાવેલ છે. તેમજ આવા હુકમની સંબંધિત સત્તાધિકારીશ્રીઓએ રાજય ચૂંટણી પંચને જાણ કરવાની રહેશે. પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે, સદરહુ તા.૧૬–૪–૨૦૦૯ ના પરિપત્રની સૂચનાઓનો અમલ યોગ્ય રીતે થતો નથી અને સંબંધિત ઓથોરીટી દ્વારા કરવામાં આવેલ હુકમો અત્રે મોકલવામાં આવતા નથી.

આ હકીકતે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની પ્રસંગોપાત પડેલ ખાલી બેઠકોની સંબંધિત કાયદામાં નકકી કરવામાં આવેલ સમયમર્યાદામાં પેટા ચૂંટણી યોજી શકાતી નથી, તેમજ સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા અત્રે નિયત સમય બાદ ખાલી બેઠકની જાણ કરવામાં આવે છે જેના લીધે ઘણા વૈધાનિક આનુષાંગિક પ્રશ્નો ઉદભવવા સંભવ રહે છે.

**વધુમાં આવા નિર્દિષ્ટ અધિકારીશ્રીના હુકમ સામે નામદાર હાઈકોર્ટમાં વિવાદ અરજી દાખલ થાય ત્યારે રાજય ચૂંટણી પંચ પક્ષકાર ન હોવાથી આ સંદર્ભમાં મનાઈહુકમ / છેલ્લી સ્થિતિ વિગેરે માહિતિ ઉપલબ્ધ થતી નથી. પરિણામે કોર્ટનો મનાઈહુકમ હોય અને અત્રેથી કોઈ અન્ય કાર્યવાહી થાય તો " Contempt of Court " નો પ્રશ્ન થાય. આવી પરિસ્થિતિ નિવારવા નિર્દિષ્ટ અધિકારીના હુકમ સામે જયારે પણ કોઈ કોર્ટ કેસ થાય તો તેની અદ્યતન વિગતો સમયસર મોકલવા પણ વિનંતી છે.**

સબબ સંબંધકર્તા અધિકારીશ્રીઓને ફરીથી વિનંતી કરવામાં આવે છે કે, રાજય ચૂંટણી પંચના પરિપત્ર ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૫૦-૪૨૦૦૯-ક, તા.૧૬-૪-૨૦૦૯ થી આપવામાં આવેલ સૂચનાઓ મુજબ જરૂરી અમલ કરવો. તેમજ સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના સભ્યને ગેરલાયક ઠેરવવા કે અન્ય રીતે કરવામાં આવેલ હુકમની નકલ બિનચૂક **રાજય ચૂંટણી પંચ**ને સમયસર મળે તે માટે પુરતી કાળજી રાખવા વિનંતી છે.

**આપનો વિશ્વાસુ,**

**( પી. એસ. શાહ )**
**સચિવ**
**રાજય ચૂંટણી પંચ**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :-**

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

**નકલ રવાના :-**

- રાજય ચૂંટણી પંચના સર્વે અધિકારીશ્રી / કર્મચારીઓ